મુખ્યમંત્રી બાળ સેવા યોજના માટે નક્કી કરેલ વય મર્યાદામાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૨૧/૨૧૮૭૦૨/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૭/૦૭/૨૦૨૧.

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ જજઅ/ ૧૦૨૦૨૧/૨૧૮૭૦૨/છ, તા.૧૧/૦૬/૨૦૨૧.

**પ્રસ્તાવના:-**

વિભાગના વંચાણે લીધેલા ક્રમાંકઃ (૧)ના ઠરાવથી ૦ થી ૧૮ વર્ષ સુધીની વય જુથના જે બાળકોના માતા અને પિતા બંનેનું કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન થયુ હોય તેવા બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો લાભ આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય આપવાનું ઠરાવવામાં આવેલ. મુખ્યમંત્રી બાળ સેવા યોજનાના સંદર્ભમાં મળેલા સૂચનોના આધારે સદર યોજનાનો લાભ મેળવવાની પાત્રતાની ઉંમરમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

પુખ્ત વિચારણાને અંતે "મુખ્યમંત્રી બાળ સેવા યોજના" માટે ૦ થી ૧૮ વર્ષ સુધીની નક્કી કરવામાં આવેલ વય મર્યાદા વધારીને આથી ૦ થી ૨૧ વર્ષ સુધી કરવામાં આવે છે. આવા ૧૮ થી વધુ પણ ૨૧ વર્ષ સુધીની વયના બાળકોને માસિક રૂ. ૪૦૦૦/- (અંકે રૂ ચાર હજાર પુરા)ની સહાય

૨૧ વર્ષ સુધીની ઉંમર પુરી થાય ત્યાં સુધી મળવાપાત્ર રહેશે. તેમજ ઉક્ત વંચાણે લીધેલ ઠરાવનો ફકરા (અ) (૨) લાગું પડશે નહિં.આ સિવાય વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક: (૧)ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૨૨/૦૭/૨૦૨૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ૧-, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ૧-,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના (સા.ન્યા.) અંગત મદદનીશ, સા ન્યા અને અ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં૧૬., ડોજીવરાજ મહેતા ભવન ., ગાંધીનગર.
- સર્વે શાખાઓ, સા. ન્યા. અને અધિ. વિભાગ, બ્લોક નંપ., ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોસેલ-, સા ન્યા અને અ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂં.
- સિલેકટ ફાઇલ-૨૦૨૧.